# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઉત્તરાયણની ઉલ્લાસપૂર્વક ઉજવણી

## આકાશ રંગબેરંગી બન્યુ : બપોર બાદ પવનની ગતી મંદ રહેતા લોકોએ ગુબ્બારા ઉડાડવાની સાથે ડીજેના તાલે ગરબે જુમ્યા

અરવલ્લી, તા. ૧૨

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ઉજવણીએ કાપ્યો છે... એ લપેટ... લપેટ..ના નારા સાથે રંગબેરંગી પતંગ આકાશે ચઢાવી પીપુડા, ઢોલ-નગારા અને ડીજેના તાલે દિવસભર રંગારંગ રંગોત્સવ જાણે આકાશે જામ્યો હોય તેવી ઉલ્લાસભર ઉજવણી કરી હતી. ઉત્તરાયણ પર્વમાં દાનનો મહિમા અનેરો હોવાથી બંને જિલ્લાના પ્રજાજનોએ ગાયને લીલો ઘાસચારો ખવડાવાની સાથે જરૂરિયાતમંદ લોકોને કપડા અને અનાજ સહિતનું દાન કરી પુણ્ય કમાવવાનો અહેસાસ અનુભવતા હતા. ઉંધીયું, જલેબી, લીલવાની કચોરીની જયાફત ઉડવાની સાથે બપોર સુધી પવનની મધ્યમ ગતી સાથે પતંગ ચગાવી બપોર બાદ પવનની મંદગતીથી પતંગ રસિયાઓએ ગુબ્બારા અને ડીજેના તાલે ડાન્સ સાથે ગરબા રમી આનંદ માણ્યો હતો. અવનવા રંગબેરંગી પતંગથી આકાશ રંગીન બન્યું હતું. વાસી ઉત્તરાયણ પર્વે અગાસી પર સાઉન્ડ સીસ્ટમ લગાવી અવનવા પતંગ ઉડાવી આનંદભેર બે દિવસ સતત ઉજવણી કરી હતી.

મકરસંક્રાંતિ પર્વની દબદબાભેર ઉજવણી કરવા બંને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો સહીત યુવાવર્ગ પતંગરસિયા, અબાલ વૃદ્ધ સૌ કોઈએ કાયપો છે... લપેટ... લપેટના ગગનભેદી અવાજથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઉત્તરાયણ પર્વ મનાવવા પતંગરસિયાઓ વહેલી સવારથી જ અગાસી અને ખુલ્લા મેદાનો અને જ્યાં પતંગ ઉડાડવા જગ્યા મળી ત્યાં પતંગ ચગાવતા આકાશ અવનવા રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું.

નાના બાળકો, યુવાધન, વૃધ્ધો સૌકોઈને મનગમતો તહેવાર ઉજવણીના ઉંબરે આવી પહોંચતા આખો દિવસ આકાશી યુદ્ધ ખેલવા અને એકબીજાના પેચ કાપી વહેલી સવારથી જ સાઉન્ડ સીસ્ટમના સુરીલા સંગીત વચ્ચે તલ-સાંકળી, ચીક્કી અને ઉંધીયું જલેબીની અને ફાફડાની મિજબાની સાથે અગાસીઓ પર પરિવારજનો અને મિત્રો સાથે પીપુડાં, ગોગલ્સ, અવનવા કાર્ટૂન માસ્ક ટોપી સાથે સજ્જ બની અગાસી પર ખડકાયેલા જોવા મળ્યા હતા. બપોર સુધી પવન મધ્યમ ગતિએ રહેતા પતંગ રસિયાઓ આનંદિત બન્યા હતા. બપોર પછી વાયુદેવે રીસામણા લેતા લોકોએ ગુબ્બારા અને ડીજેના તાલે ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. સાંજ થતાની સાથે બંને જિલ્લામાં આતશબાજી અને ફટાકડા ફોડી ઉત્તરાયણ પર્વને વિદાય આપી હતી. બંને જિલ્લામાં ચાઈનીઝ અને દેશી બનાવટના તુક્કલોથી આકાશ ઝગમગી ઉઠ્યું હતું.



### મોડાસા શહેરમાં દોરીથી ઘાયલ પક્ષીઓને બચાવવા વનતંત્ર અને જીવદયાપ્રેમી ખડેપગે



મોડાસા શહેરમાં જીવદયાપ્રેમી નિલેશ જોષી, ભગીરથ કુમાવત ટીમ સાથે જોડાયેલ વેટેનરી ડોક્ટરે મોડાસા શહેર અને આજુબાજુના વિસ્તારમાં દોરીથી ઘાયલ પક્ષીઓની સારવાર હાથ ધરી હતી. જિલ્લા વનવિભાગ તંત્ર તથા ડિઝાસ્ટરના સંયુક્ત ઉપક્રમે કરુણા અભિયાન શરુ કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના હેલ્પલાઈન નંબર ૦૨૭૭૪-૨૯૧૯૯૩ ઉપાડવાની કોઈએ તસ્દી લીધી ના હોવાથી લોકોમાં ઉગ્ર રોષ ફેલાવાની સાથે કરુણા અભિયાન એ ફક્ત જાહેરાત અભિયાન હોવાનું લોકમુખે ચર્ચાતું હતું.

### અરવલ્લી - સાબરકાંઠા જિલ્લામાં તુક્કલોના પ્રતિબંધનો ફિયાસ્કો : હજ્જારો તુક્કલ આકાશે

રાજ્યના વહીવટીતંત્ર પરિપત્ર પાઠવી આદેશ આપ્યો હોવાથી પોલીસ કમિશ્નર અને જિલ્લા કલેક્ટરે તુક્કલોના વેચાણ પર પ્રતિબંધ હોવાનું જાહેરનામાનો અમલ ફક્ત કાગળિયા પૂરતો રહ્યો હોય તેમ કેટલાક વેપારીઓ દ્વારા હજ્જારો તુક્કલોનો ગેરકયદેસર વેપલો કરી અને પતંગ રસિયાઓએ તુક્કલ આકાશે ચઢાવી તુક્કલ પર લાગેલા પ્રતિબંધનો ફિયાસ્કો કર્યો હતો. બંને જિલ્લામાં તુક્કલ આકાશે ઝગમગી ઉઠ્યા હતા તદુપરાંત તુક્કલો ચઢાવ્યાના ફોટો ફોટો સોશ્યલ મીડિયા પર વાયરલ કરી જાહેરનામાની રીતસર હવા કાઢી નાખી હતી. બંને જિલ્લાના યુવાનો, યુવતીઓ અને રાજકારણ સાથે જોડાયેલા લોકોએ બિન્દાસ્ત તુક્કલો સાથે ફોટો અને લાઈવ વિડિઓ અપલોડ કરી જાહેરનામાની મજાક ઉડાડતા હોય તેમ અટ્ટહાસ્ય સાથે જોવા મળ્યા હતા.

# ગોઝારીયા પાસે દોરીથી ગળુ કપાતા યુવાનનું કરૂણ મોત

મહેસાણા, તા. ૧૫

ગઈકાલે ઉત્તરાયણનો દિવસ મહેસાણા જિલ્લામાં પતંગના કથિત ચાઈનીઝ દોરાથી એક ઝડનથી વધુ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. જે પૈકી મહેસાણાના એક બાઈકસવાર યુવાનને ગોઝારીયા પાસે ગળાના ભાગે દોરી ફસાઈ જતા ગળુ કપાઈ જવાથી તેનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું.



મહેસાણા જિલ્લામાં ગોઝારીયા, વિજાપુર, મહેસાણા, કડી, વડનગર વિસ્તારમાં ઉત્તરાયણના દિવસે પતંગની કથિત ચાઈનીઝ દોરીના કારણે અકસ્માતના બનાવો બન્યા હતા. જેમાં કલ્પેશ પટેલ (ઉં.વ.૩૩) બાઈક પર ગોઝારીયા ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેમને ગળામાં દોરી ભરાઈ ગઈ હતી. જેથી ગળુ કપાતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે જુદા જુદા વિસ્તારોમાં પતંગની દોરીના કારણે એક ઝડનથી વધુ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. જેઓને સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલ, લાયન્સ હોસ્પિટલ મહેસાણા તેમજ અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ પૈકી બે વ્યક્તિઓને ગળાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ છે. મહેસાણા ખાતે મોઢેરા ચાર રસ્તા પાસે ચાઈનીઝ દોરીથી એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઉપરાંત પતંગ ચગાવતી વેળા મહેસાણામાં એક વ્યક્તિ ધાબા પરથી નીચે પટકાતાં તેને શરીરે ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં ખસેડાયા હતા.

સરકારે ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ મુક્યો હોવા છતાં પોલીસતંત્રની બેદરકારીના કારણે જિલ્લામાં દોરીના કારણે એક યુવાન મોતને ભેટ્યો છે. તો એક ડઝન જેટલા વ્યક્તિઓ ઘાયલ થયા છે.

બીજુ ઉત્તરાયણના દિવસે જિલ્લાના મહેસાણા, ખેરાલુ, સતલાસણા, વિસનગર, વિજાપુર અને ઊંઝા તાલુકામાં નાના પશુઓ, પાલતુ પશુઓ, તેમજ કબૂતર, મોર જેવા પક્ષીઓ ઘાયલ થયા હતા. જેઓને કરૂણા અભિયાન અંતર્ગત કરૂણા સેન્ટરમાં સારવાર આપવામાં આવી હતી. સૌથી વધુ વિસનગર તાલુકામાં શ્વાન, બિલાડી જેવા પશુઓને ઈજાઓ થવા પામી હતી.

# ડીસામાં હર્ષોલ્લાસ અને ધાર્મિક માહોલ સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી

ડીસા, તા. ૧૫



ડીસા શહેરમાં ઉત્તરાયણ નિમિત્તે આનંદ ઉલ્લાસ અને ધાર્મિક માહોલ સર્જાયો હતો. શહેરનું આકાશ વહેલી સવારથી જ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. વહેલી સવારથી જ અબાલવૃદ્ધ સૌ ઉત્તરાયણનો આનંદ મનાવવા લાગી ગયા હતા. અગાશી, ધાબા અને ખુલ્લા મેદાનોમાં પતંગ અને દોરાના જથ્થા સાથે પતંગ ચગાવવાનો આનંદ લુંટવા લાગ્યા હતા. શહેરમાં અગાઉથી જ પતંગ અને દોરાના સ્ટોલ પર ખરીદદારોની ભીડ ઉમટી હતી. પતંગના દોરાથી ભીલડીમાં રોડક્રોસ કરતી વખતે આનંદ સરતાનજી ઠાકોર નામના કીશોરનું ધારદાર દોરાથી નાક કપાતા ૧૦૮ના પાયલોટ ખેતાજી ચૌધરી અને ઈમટી જગદીશ દવે તાત્કાલિક ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યા હતા. ઉપરાંત શહેરમાં ગાયોને ઘાસ, કૂતરાને શીરો-લાડવા અને ગરીબોને દાન આપી પૂણ્યતાનો લાભ લીધો હતો.

# ઉનાવા પોલીસ સ્ટેશનમાં નશામસ્ત કોન્સ્ટેબલ ઝડપાયો

## ઊંઝા પોલીસ બેડામાં ભારે ચકચાર

ઉનાવા, તા. ૧૫

ઊંઝા નજીકના ઉનાવા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ કોન્સ્ટેબલ ઊંઝા પોલીસમથકની અંદર નશામસ્ત હાલતમાં ઝડપાતા ઊંઝા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરતાં પોલીસ બેડામાં ભારે ચકચાર જાગી છે.

જાણવા મળ્યા મુજબ ઉનાવા ગામે પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અમિતકુમાર મફતલાલ ગઈકાલે ઉત્તરાયણના દિવસે સવારના સમયે કોઈ કામ અર્થે ઊંઝા પોલીસમથકે ગયા હતા. જ્યાં પોલીસને સદર પોલીસ કોન્સ્ટેબલ કથિત દારૂ પીધેલ હાલતમાં હોવાનું માલુમ પડતા પોલીસ કોન્સ્ટેબલની વિરૂદ્ધમાં નશાબંધી ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આમ ઉનાવા પો.સ્ટે.નો એક પો.કો. નશામસ્ત હાલતમાં ઊંઝા પો.સ્ટે.માં જ ઝડપાતા સ્થાનિક પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. કાયદાનો રક્ષક જ કાયદાનો ભંગ કરતો હોવાના કિસ્સાએ આમ જનતામાં પણ પોલીસની છાપ ખરડાઈ છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં મકરસંક્રાંતિની ભવ્ય ઉજવણી

## એય કાપ્યો.., કપાયો, છોડી મેલના શૂરો સાથે પતંગનુ આકાશી યુદ્ધ : સૂર્ય પૂજા, ઉપાસના, દાન, પુણ્યનો લોકોએ લહાવો લીધો

પ્રાંતિજ, તા. ૧૫



સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં મકરસંક્રાંતિની (ઉત્તરાયણ) પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. નાનાથી મોટા બાળકો સહિત ટોપી, ગોગલ્સ, પીપુડી અને સંગીતમય વાતાવરણમાં એય કાપ્યો..., કપાયો, છોડીમેલ સહિતની કિકિયારીઓથી પતંગો ચગાવી આકાશી પતંગ યુધ્ધ જેવો માહોલ જોવા મલ્યો હતો. મોડી સાંજ સુધી પતંગ તુક્કલ આકાશમાં ચગાવી ઉત્તરાયણનો આનંદ માણ્યો હતો. ઉપરાંત ઊંધીયું જલેબી ફાફડા ચોરાફળી સહિતનાં નાસ્તાઓ ધાબાંઓ ઉપર મકાનો પર પતંગ ઉડાવતી વખતે જ આરોગી ઉત્તરાયણનો આનંદ માણ્યો હતો.

આ વર્ષે ઊંધીયું જલેબી ચોરાફળી ઉપરાંત કચરીયું, તલપાપડી, સીંગસુખડીનો ઉપાડ પ્રાંતિજ સહિત તાલુકામાં વિશેષ વેચાણ થયુંહતું. ચાઈનીઝ દોરી તુક્કલનો પ્રતિબંધ છતાંય બજારોમાં તેનું ધૂમ વેચાણ થયું હતું. કદાચ તંત્રને આ વાતની ખબર હશે કે કેમ બાકી જાગૃતજનોએ ચાઈનીઝ મુદો ચચો હતો. રાત્રીના સમયે પણ આકાશમાં પ્રતિબંધ હોવા છતાં તુક્કલો જોવાં મલ્યા હતાં તો પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં રાત્રીના સમયે આતશબાજી પણ જોવાં મળી હતી અને જાણે દિવાળી અને ઉત્તરાયણનો તહેવાર એક સાથે હોય તેવો માહોલ સર્જાયો હતો. દિવસ દરમ્યાન ઉત્તરાયણ પર્વ નિમિત્તે લોકોએ ગાયોને ઘાસ, પક્ષીઓને ચણ, ગરીબોને વસ્ત્રદાન, અન્નદાન કરી પુણ્યનો લ્હાવો લીધો હતો. આ વર્ષે બપોર બાદ પવન ના હોવાથી પતંગ રસિકો ગોથા ખાતા જોવા મલ્યા હતા. પ્રાંતિજ સહિત તાલુકામાં લોકોએ ઊંધીયું જલેબી વાનગીઓના સ્વાદ સાથે ઉત્તરાયણ પર્વ મનાવ્યો હતો.



# પિલવાઈ કોલેજમાં ચિનુ મોદીનું 'મેમરી લેન' નાટક ભજવાયું



ગાંધીનગર, તા. ૧૩

ઉત્તર ગુજરાતની પિલવાઈ કોલેજમાં તા. ૧૨-૧-૨૦૧૮ના રોજ કોલેજની નાટ્યધારા અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગરના સહયોગથી ગુજરાતના અગ્રગણ્ય દિવંગત સાહિત્યકાર ચિનુ મોદી લેખિત અને તેમને શ્રદ્ધાંજલિ આપતું સુંદર નાટક 'મેમરી લેન' ભજવાઈ ગયું. ગુજરાતી રંગભૂમિ અને ફિલ્મના જાણીતા કલાકારો દ્વારા ભજવાયેલા નાટકને કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ મનભરીને માણ્યું હતું.

સંસ્થાના આચાર્ય ડૉ. સંજય શાહે નાટકની પ્રશંસા કરી સૌ કલાકારોને અભિનંદન આપ્યા હતા તથા સાહિત્યકાર સ્વ. ચિનુ મોદીના ગુજરાતી સાહિત્યને કરેલ પ્રદાનને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. નાટ્યધારાના કોઓર્ડિનેટર કાર્તિકેય ભટ્ટે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

# ખેડબ્રહ્મામાં ચાઈનીઝ તુક્કલ વેચતા બે સામે ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૫

સરકાર દ્વારા ઉત્તરાયણ પર ચાઈનીઝ તુક્કલ વેચાણ કરવા અને ઉડાડવા પર પ્રતિબંધ મુકેલ હોવા ખેડબ્રહ્મામાં તુક્કલ વેંચતા હોવાથી ખેડબ્રહ્મા પોલીસે તપાસ કરતા શીતલ ચોકમાં ધર્મેન્દ્રસિંહ પ્રકાશસિંહ રહેવર (જલારામ સોસાયટી) પોતાની પાસે ૫ ચાઈનીઝ તુક્કલ વેંચતા હતા અને ત્યાર બાદ વાળંદ રાહુલભાઈ નરેશભાઈ (ભક્તિનગર) વડા પાસે ૫૪ તુક્કલ કિંમત રૂપિયા ૨૭૦૦નો પ્રતિબંધિત ચાઈનીઝ તુક્કલ મળી આવતા ખેડબ્રહ્મા મામલતદાર જી.ડી. ગામરેએ બંને વિરુદ્ધ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હસ્તી.

# ભીલકુવાના ગ્રામજનોની કુડોલ પંચાયતમાંથી અલગ પંચાયત ફાળવવા ચૂંટણી બહિષ્કારની ચીમકી

અરવલ્લી, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાની સાથે જ જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. મોડાસા તાલુકાના કુડોલ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ભીલકુવા ગામના લોકોએ જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણને અલગ ગ્રામ પંચાયત ફાળવવા ૧૦ મહિના અગાઉ લેખિતમાં રજુઆત કરવા જાણ કરી હોવા છતાં આ અંગે ઘટતી કાર્યવાહી ના થતા અને અલગ ગ્રામપંચાયત ફાળવણીની વાત અધ્ધરતાલ રહેતા અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરી ગ્રામ પંચાયત અલગ નહિ કરવામાં આવે તો તમામ ચૂંટણીનો બહિષ્કાર કરવાની સાથે આત્મવિલોપન અને આમરણાંત ઉપવાસ પર ઉતરશે.

ભીલકુવા ગામનો ગામથી ૧૩ કિલોમીટર દૂર આવેલા કુડોલ ગામની ગ્રામપંચાયત સમાવેશ કરવામાં આવ્યો હોવાથી ગામ લોકોને સરકારી યોજના સહીત સરકારી કામકાજ અર્થે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી કુડોલ ગ્રામ પંચાયતમાંથી વિભાજન કરી અલગ ગ્રામ પંચાયત ફાળવવા દરખાસ્ત કરી જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણને દસ મહિના અગાઉ મોકલી અપાતા વસ્તીનું ધોરણ જળવાતું ના હોવાનું કારણ આગળ ધરી અલગ ગ્રામ પંચાયતની માંગ અધ્ધરતાલ રખાતા ગ્રામજનો શુક્રવારે મોટી સંખ્યામાં અરવલ્લી જિલ્લા સેવાસદન ખાતે ઉમટી પડી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આવેદનપત્ર જણાવ્યા મુજબ ગ્રામ પંચાયતથી લગત કચેરીએ મોકલેલ દરખાસ્ત તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત વિકાસ કીમશ્નરની કચેરી તરફ જરૂરી જે તે સ્થિતિએ ભલામણ કરવાની હોય છે અને ત્યાર પછી સરકારના જે તે વિભાગોમાં મંજૂરી માટે યોગ્ય સમયમર્યાદામાં મોકલવાની હોય છે તેમ છતાં ભીલકુવા ગામની દરખાસ્ત જિલ્લા વિકાસ અધિકારીની કચેરી દ્વારા યોગ્ય સમય મર્યાદામાં મોકલવાની હોવા છતાં મોકલવાના બદલે દરખાસ્ત દબાવી રખાતા યોગ્ય જરૂરીયાત હોવા છતાં યોગ્ય કાર્યવાહી ના થતા ગ્રામપંચાયત ફાળવવામાં નહિ આવે તો ગ્રામજનો દ્વારા કલેક્ટર કચેરીએ સત્યાગ્રહના માધ્યમથી આમરણાંત ઉપવાસ, ધરણા કરવાની સાથે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી તમામ ચૂંટણીઓનો બહિષ્કાર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.



# થરાદના ભોરોલ ગામના યુવકે કેનાલમાં મોતની છલાંગ લગાવી

થરાદ, તા. ૧૫

થરાદમાં રોજની છાસવારે વધતી જતી આત્મહત્યાની ઘટનાઓમાં એક વધુ ઘટના ઘટી. થરાદ તાલુકાના ભોરલ ગામના ભરતભાઈ શંકરભાઈ મજીરાણા નામના યુવકે મોતની છલાંગ લગાવી હતી પણ એના કિસ્મત કે તેને લોકો દ્વારા બચાવી લેવામાં પણ આવ્યો હતો.



થરાદ, વાવ અને સુઇગામ આ ત્રણ તાલુકા સરહદી વિસ્તારના તાલુકા કહેવામાં આવે છે. અહીયા એક તરફ રાજસ્થાન અને બીજી તરફ પાકિસ્તાન બે બોર્ડર આવેલી છે. અહીંની પ્રજામાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી અહીંની પ્રજામાં આત્મહત્યાના કેસો વધી રહ્યા છે. એમાં થરાદ વાવ પંથકમાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ આ સરહદી વિસ્તારના લોકોને પીવાના અને ખેતી કરવાના પાણી માટે ઉપયોગ થાય છે. એના કરતાં પણ લોકોને મારવા માટેનો તાત્કાલિક મોત માટે ખાસ ઉપયોગ થાય છે. તેમાં હજી બે દિવસ પહેલા એક ખાનપુરના યુવકે મોતની છલાંગ લગાવીને મોતને વ્હાલું કર્યા બાદ આજરોજ થરાદના ભોરોલ ગામના યુવકે કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી.

થરાદમાં રોજની વધતી જતી આત્મહત્યાની ઘટનાઓમાં આ એક વધુ થરાદના ભોરલ ગામના ભરતભાઈ શંકરભાઈ મજીરાણા (ઉ.વ.૨૫) નામના યુવકે મોતની છલાંગ લગાવી હતી. જોકે કેનાલમાં પડતા લોકો દેખી જતાં તેને બચાવી લેવાયો હતો. કોઈ અજાણ્યા જીવદયા પ્રેમીઓએ કેનાલમાંથી બહાર કાઢી માનવતા દર્સાવી યુવકને સારવાર માટે થરાદની સરકારી હોસ્પિટલમાં ખસેડયો હતો. ત્યારબાદ યુવકના પરિવારજનોને જાણ થતાં તરત હોસ્પિટલ દોડી આવ્યા હતા અને યુવકને વધુ સારવાર માટે થરાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે આ ઘટનાઓને સરકાર ધ્યાને લઈને કેનાલના ઉપરના ભાગે જાળી લગાવી દે તો આ ઘટનાઓ ઓછી થઈ શકે છે.